


સુવિચાર : સંગીત બ્રહ્માંડને આત્મા, મગજને પાંખો, કલ્પનાશક્તિને ઉડાન અને સૃષ્ટિની દરેક વસ્તુમાં સંચાર પૂરે છે - પ્લેટો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૮૩ | ૨ જૂન, ૨૦૧૫, મંગળવાર ; જેઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના પ્લોટોની ઈ-હરાજી આરંભાઈ

## લોગઈન થવાની તેમજ સમય ઓછો પડ્યો હોવાની ફરિયાદો તંત્રને મળી : સંપૂર્ણ પારદર્શિતા હરાજીમાં રહી હોવાનો તંત્રનો દાવો

ગાંધીનગર, તા. ૧

એક દસકા બાદ ગાંધીનગર શહેરમાં આજે પ્લોટોની હરાજી હાથ ધરાઈ હતી. ઈ. હરાજીની આ પ્રક્રિયા બરાબર ૧૦ વાગ્યાના સુમારે શરૂ થઈ હતી. આ ઈ. હરાજીની પ્રક્રિયામાં બીડરો ઓનલાઈન નહિ થઈ શકતા હોવાની તેમજ સમય ઓછો પડ્યાની ફરિયાદો ઉઠી હતી. જો કે તંત્રએ સંપૂર્ણ પારદર્શિતા સાથે આજની હરાજી થઈ હોવાનો દાવો કર્યો છે.

ગાંધીનગર શહેરમાં ૯૮ પ્લોટોની હરાજી માટે સરકારે મંજૂરી આપ્યા બાદ આની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ૯૮ પ્લોટ પૈકી ૫૨ પ્લોટમાં કોઈ બીડર ન મલવાથી અને માત્ર એક જ બિડર હોવાને લઈ તે પ્લોટોની હરાજી રદ કરવાનો નિર્ણય શનિવારે ઘોષિત કર્યો હતો.

આજથી છ દિવસ માટે હરાજીની પ્રક્રિયા ચાલવાની છે. આ ઈ. હરાજી હોવાથી બિડરોને વિશેષ તાલિમ પણ બે દિવસ દરમ્યાન આપવામાં આવી હતી અને તે તાલિમને મળેલા ભારે પ્રતિસાદને કારણે આજે લગભગ તમામ બોલીઓમાં મોટાભાગના બિડરો જોડાયા હોવાનો દાવો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

આજે સાંજે એક બીડરે લોગઈન નહિ થતી હોવાની ફરિયાદ હરાજી અધિકારીને કરી હોવાની વિગતો પણ સાંપડી છે. મળતી વિગતો પ્રમાણે આજે થયેલ ઈ. હરાજીમાં લગભગ તમામ પ્લોટોની હરાજીમાં પાંચ મિનિટ ત્રણ-ત્રણ વાર એકસ્ટેન પણ થઈ હતી. આ માટે છેલ્લી બે મિનિટમાં બીડ આવી હોય તો જ તે થતુ હતુ. એક કિસ્સામાં બે મિનિટ અને ૧૦ સેકન્ડ બાકી હતી ને બીડ આવ્યા બાદ બીડ સંપન્ન થઈ ત્યાં સુધી કોઈ બોલી ના આવતાં બીડરો ફરિયાદ કરતાં તંત્રએ તપાસ કરતાં આવી વિગતો બહાર આવીની પણ ચર્ચા છે.

આજની ઈ. હરાજીની પ્રક્રિયા ટોક ઓફ ધી ટાઉન બની હતી. જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર પણ એક કલાક કરતાં વધુ સમય સુધી આ હરાજીની પ્રક્રિયામાં હાજર રહી અને હરાજીની નાની નાની વિગતોની જાણકારી મેળવી હતી.

અત્યંત ઉત્સાહ અને ઉત્તેજનાપૂર્ણ વાતાવરણમાં થયેલી આ ઈ. હરાજીમાં છેલ્લી દસ મિનિટ બહુ મહત્વની જણાઈ હતી. બિડરો છેલ્લી દસ મિનિટમાં વધુ સક્રિય થયેલા જણાયા હતા.

બિડરો દ્વારા પ્રતિ ચો.મી.ના ભાવ રૂ. એક હજારના ગુણાંકમાં જ બોલાતા હોવાથી પ્લોટોની કિંમત ધારણા કરતાં વધુ ઉપજી હતી. સે. ૨, ૪ અને ૬ના વાણિજ્ય વિસ્તારના પ્લોટોની હરાજી હાથ ધરવામાં આવી હતી. ૧૩ પ્લોટોની હરાજી છ જુદા જુદા પ્લોટમાં હાથ ધરાઈ હતી.

પ્લોટોની હરાજીનો સમય પૂર્ણ થયા બાદ હવે એક સપ્તાહમાં તંત્ર દ્વારા હરાજીની આખરી બોલીને મંજૂર કરવામાં આવી છે

● અનુસંધાન પાન-૭ પર

### સેક્ટર-૬ના એક પ્લોટની કિંમત ત્રણ કરોડને પણ આંબી ગઈ !

ગાંધીનગર, તા. ૧

સે. ૬ના એક વાણિજ્ય પ્લોટની કિંમત ૨ લાખ ૪ હજાર પ્રતિ. ચો.મી.ની બોલાઈ હોવાનું જાણવા મળેલ છે. આ ૧૫૦ ચો.મી.ના પ્લોટની કિંમત રૂ. ત્રણ કરોડથી પણ વધુ ઉપજી હતી.

બીડરો દ્વારા બે લાખ રૂ.ની બોલી બોલાતાં જ રસિયાઓમાં આ ભાવ થયો તેવી ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી. આ સેક્ટરના પ્લોટોની હરાજીમાં તળિયાની કિંમત કરતાં ત્રણ ગણાથી વધુ ભાવ ઉપજ્યા હોવાનું બિનસત્તાવાર રીતે જાણવા મળેલ છે. જો કે બોલીના તળિયાની કિંમત કરતાં ઘણા વધારે ભાવની બોલી બોલાઈ હોવાનું તંત્રના અધિકારીઓએ સ્વીકાર્યું હતું. ગાંધીનગર શહેરના વાણિજ્ય વિસ્તારના પ્લોટોની કિંમત સુરત શહેર કરતાં પણ વધુ ઉપજ્યા હોવાની વાતો જમીન રસિયાઓમાં થતી સાંભળવા મળી હતી.

### પ્લોટોની હરાજીમાં તળિયાની કિંમતથી પણ વધુ ભાવ બોલાયા

ગાંધીનગર, તા. ૧

આજે યોજાયેલ ૧૩ પ્લોટોની હરાજીમાં તળિયાની કિંમતથી અમલી કે અઢી ગણી અને કેટલાક પ્લોટોમાં ચાર ગણી કિંમત ઉપજી હતી.

સે. ૨ અને ૪ ના નાના વાણિજ્યના પ્લોટોની કિંમત ૨ થી ૩ ગણી ઉપજી હોવાનું જણાયુ હતુ. હરાજીની આખી પ્રક્રિયામાં બીડરો દ્વારા પ્રારંભમાં અને અંતિમ ૧૦ મિનિટોમાં વધુ સક્રિયતા દાખવી હતી. મોડાભાગના પ્લોટોની હરાજીમાં છેલ્લી બે મિનિટમાં બીડર દ્વારા બોલી લગાવતાં સમય આપોઆપ પાંચ મિનિટનો એકસ્ટેન થઈ જતો હતો.



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજી ગ્રીષ્મોત્સવના બીજા દિવસે શંકર મહાદેવન અલબત્ત શંકર-અહેસાન-લોયની ત્રિપુટીએ નગરજનોને સંગીતની દુનિયામાં તરબોળ કર્યા હતા.અદભૂત સંગીત અને ગાયકીના સમન્વય વચ્ચે સ્ટેજ પરથી રજુ થતા ધમાકેદાર ગીતો પર નગરજનોએ ધુમ મચાવી હતી.



ફુલોના ગરબા - સેક્ટર-૬ શોપીંગ સેન્ટર પાસે, જોગણી માતાના માનતાના ફુલોના ગરબા ભારે ઉલ્લાસપૂર્વક યોજાયા હતા. છેલ્લા દોઢ દાયકાથી યોજાતા પરંપરાગત ગરબામાં માઈભક્તો આનંદ-ઉલ્લાસથી જોડાય છે અને માતાજીના ગુણગાન ગાય છે... શહેરની સુવિધાવાળા ગાંધીનગરમાં ગ્રામીણ માહોલની અલૌકિક અનુભૂતિનો પાવન પ્રસંગ ઉજવાયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# માણસા તાલુકા પંચાયતનું નવુ સીમાંકન જાહેર

## 3 બેઠકો નવી બની : વેડા સૌથી નાની બેઠક તો વરસોડા સૌથી મોટી બેઠક : ભાજપ-કોંગી આગેવાનોના વિસ્તારોમાં બેઠકો મહિલા માટે અનામત બનતાં જંગ બરાબરીનો જામશે

ગાંધીનગર, તા. ૧

માણસા તાલુકા પંચાયતના નવા સીમાંકનને લઈ પ્રાથમિક આદેશો જારી કરવામાં આવ્યા છે. ૩ બેઠકોના વધારા સાથે તાલુકા પંચાયતની કુલ બેઠકો ૨૪ નિયત કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચે આ અગાઉ ગાંધીનગર દહેગામ અને કલોલ તાલુકા પંચાયતના પ્રાથમિક આદેશો નવા સીમાંકન અંગેના જારી કરી દીધા છે. માણસા તાલુકા પંચાયતના સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો જારી થઈ જતાં હવે જિલ્લાની ચારેય તાલુકા પંચાયતોનું નવું સીમાંકન કરવાની પ્રાથમિક કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા હવે ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા સીમાંકન અંગેની કામગીરી હાથ પર લેવામાં આવશે. આમ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓ માટેનો તખ્તો તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં પ્રવેશી છે.

માણસા તાલુકા પંચાતમાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામ પ્રમાણે વસ્તી ૧,૮૨,૧૪૨ છે. તાલુકા પંચાયતની એક બેઠક માટે સરેરાશ વસ્તી ૬૪૫૧ અને ૮૭૨૭ મહત્તમ રીતે વધ-ઘટના ૧૫ ટકા પ્રમાણે નિયત કરાઈ છે.

માણસા તાલુકામાં જે ત્રણ નવી સીટો બની છે તેમાં કલોલ તાલુકામાંથી આવેલ લીંબોદરા ગામની એક સીટ ઉપરાંત પારલા અને દેલવાડાની બેઠકો નવી બની છે.

તાલુકા પંચાયતની ૧૨ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. તાલુકા પંચાયતની સીટોમાં સામાન્ય ફેરફાર સિવાય કોઈ મહત્વના રાજકીય ફેરફારો કરવાનું ટાળવામાં તંત્ર સફળ રહ્યું છે. ગઈ વખતે થયેલા રાજકીય વિવાદોને પગલે તંત્રએ પંચની મર્યાદાઓ અને માર્ગદર્શન મુજબ આ નવુ સીમાંકન નિયત કર્યુ છે. જો કે પંચે સીમાંકનમાં કેટલાક ફેરફારો કરવા માટેની આપેલી સૂચનાઓનો તંત્રએ સ્વીકાર કરી લેતાં સામાન્ય ફેરફારો જરૂર થયા છે.

તાલુકા પંચાયતમાં મંડાલીની બેઠક અનુ. જાતિ માટે અનામત

● અનુસંધાન પાન-૭ પર

# આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

## સામાન્ય ચૂંટણીઓ પૂર્વેની અંતિમ બેઠક : વહીવટીય કામગીરીથી ભરપૂર એજન્ડા સભ્યો પણ વિકાસના કામો ઝડપથી શરૂ થાય તે માટે ઉતાવળા બન્યા છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મહત્વની સામાન્ય સભા મળશે. જેમાં જમીન મહેસુલ વેરામાં રૂ. ૧ નો વધારો કરવા સાથે વિકાસના કામોને વધુ ઝડપથી અમલી બનાવવા સહિતના નિર્ણયો લેવામાં આવશે.

શ્રીમતિ હીનાબેન હરેશકુમાર પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૩ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં આ સામાન્ય સભાની બેઠક મળશે.

પંચાયતની સામાન્ય ચૂંટણીઓના પડધમ વાગી ચૂક્યા છે ત્યારે આ બેઠક સામાન્ય ચૂંટણીઓ પૂર્વેની અંતિમ બેઠક બની રહેશે અને તેથી જ બન્ને પક્ષોમાં આ બેઠકને લઈ રાજકીય તીવ્રતા ઘણી ઓછી જોવા મળી રહી છે.

આ બેઠકમાં વહીવટીય કામગીરી વધુ હોવાથી પણ સભ્યોમાં પણ બહુ આક્રમકતા ઓછી જોવા મળે છે. સરકારમાંથી તાંત્રિક રીતે મંજૂર થઈ આવેલા વિકાસના કામો ઝડપથી શરૂ કરવામાં આવે તેવો આગ્રહ સભ્યો રાખી રહ્યા છે.

આ ઉપરાંત ખાસ કરીને વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાંથી સૂચવેલા કામોને પણ વહીવટીય અને તાંત્રિક મંજૂરી ઝડપથી આપવામાં આવે તો ૨૦૧૩-૧૪ થી અટવાઈ પડેલા આ કામો ઝડપથી હાથ ધરી શકાય.

આ બેઠકમાં પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈ અનુસાર જમીન મહેસુલ ઉપર લેવામાં આવતા ઉપકર લોકલ ફંડ ટોલના દરમાં રૂ. ૧ નો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લઈ પંચાયતના સ્વભંડોળની આવકમાં વૃદ્ધિ માટેનો નિર્ણય લેવામાં આવશે.

જિલ્લા પંચાયતના જુના થયેલા મકાનમાં વાયરીંગ બદલવા તેમજ દરેક માળે નવા ઈલેકટ્રીકના મેઈન બોર્ડ લગાવવાનો પણ નિર્ણય આ બેઠકમાં લેવામાં આવશે. આ ઉપરાંત હિસાબી શાખાનો રેકર્ડ રાખવા માટે

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન



કાર્તિકભાઈ પટેલ

આપની ગાંધીનગર મહાનગરપાલિકામાં ડેપ્યુટી મેયર પદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...

શુભેચ્છક : ચેતન પટેલ

SIDDHRAJ

Siddhraj Infra Pvt. Ltd.

# પી.કે. તનેજાને ગૃહ વિભાગનો વધારાનો હવાલો સોંપાયો

ગાંધીનગર, તા. ૧

વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા પી.કે. તનેજાને ગૃહ વિભાગનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

જી.આર. અલોરીયાને રાજ્યના મુખ્ય સચિવ તરીકે નિમણુંક આપવામાં આવતા ગૃહ વિભાગ અને શહેરી વિકાસ વિભાગના વડાની જગ્યાઓ ખાલી પડવા પામી છે.

રાજ્ય સરકારે આજે પી.કે. તનેજાને ગૃહ વિભાગનો વધારાનો હવાલો સોંપ્યો છે, જ્યારે સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા કે. શ્રીનીવાસને શહેરી વિકાસ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે. વિભાગોના વડાઓની આંતરીક બદલીઓ આગામી ટુંક સમયમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ચોથી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. અવિનાશભાઈ એમ. રાવલ
(જેઠ સુદ - પૂનમ)
(૧૫/૫/૨૦૧૧)

સમય કેટલો ઝડપથી વહી જાય છે. આજે આપની કરૂણ વિદાયને ચાર વર્ષ પૂર્ણ થઈ ગયા.

આજે આપને શ્રદ્ધાંજલિ આપતા અમારી આંખો અશ્રુથી છલકી પડે છે. મૃત્યુએ ભલે તમને ઓચિંતો દગો આપીને અમારી પાસેથી ઝુંટાવી લીધા, પરંતુ આત્માથી તો આજ પણ અમારી પાસે જ છો. તમારા મૃત્યુના વિષાદની તે વસમી ક્ષણ જ્યારે યાદ આવે છે ત્યારે અમે બધા જાણે કે અતિતની ગહેરાઈ અને ગમગીનીના ઉંડા મહાસાગરમાં ડુબી જઈએ છીએ.એક ક્ષણમાં તમે સદાને માટે ફોટોફ્રેમ ને ફુલોના હારમાં જાણે કે કેદ થઈ ગયા પરંતુ અમોને પુરેપુરો વિશ્વાસ, આશા અને શ્રદ્ધા છે કે, તમારી અમીદ્દષ્ટિ અમારી ઉપર અવિરત વરસતી રહેશે જ...

ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ...

લિ.

ગં.સ્વ. પુષ્પાબેન એ. રાવલ

વિભૂતિ બી. પંડ્યા — હિતેશ એ. રાવલ
અરૂણા એચ. ભટ્ટ — નીતા એચ. રાવલ
મંદાકિની એચ. જોષી — ઉદય એ. રાવલ
ઈન્દીરા પી. રાવલ — ભારતી યુ. રાવલ
સોનલ એચ. વ્યાસ

હની ● મીહુ ● ઋચા ● મેધા ● આસ્થા